મન કાચંડા જેવું છે, તે વારંવાર પરિસ્થિતિ પ્રમાણે રંગ બદલતું રહે છે, એક જ રંગે રંગાયેલું મન તો કોઇ વિરલ જ હોય છે

- કબીર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૧૩ | ૧૨ ઓક્ટોબર, ૨૦૧૨, શુક્રવાર; નિજ ભાદરવા વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# રાજ્ય સરકારના ગુજરાત મેગેઝીન વેચાણ પર પાબંધી

## જિલ્લા કલેક્ટરોને સરકારી સાહિત્ય વેચાણ અટકાવવા અને જપ્ત કરવાના આદેશ ચૂંટણી પંચે ૧ લાખથી વધુ કોપી જપ્ત કરી

**(વિશેષ પ્રતિનિધિ દ્વારા)** ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સરકારને ચૂંટણી આચાર સંહિતાનો કડક અમલ કરવો પડ્યો છે. ભારતના ચૂંટણી પંચે સરકારી સાહિત્ય ઉપર પણ પ્રતિબંધ ફરમાવ્યો છે. ચૂંટણી પંચે ગુરૂવારે વધુ એક સપાટો બોલાવીને માહિતી ખાતા દ્વારા રાજ્યભરમાં પ્રકાશિત થતાં ગુજરાત મેગેઝીનના વિતરણ ઉપર છાપો માર્યો છે.

ચૂંટણી પંચે ગુજરાતના તમામ જિલ્લા કલેક્ટરોને ગુજરાત મેગેઝીનનું વેચાણ અટકાવવા અને વિતરણ કરાયેલી કોપી જપ્ત કરવાના આદેશ આપ્યા છે. આ વખતની ચૂંટણીમાં નવરાત્રી ઉપર પાબંધી મૂકી દીધા પછી ગુજરાત મેગેઝીન ઉપર ચૂંટણી પંચ ત્રાટક્યું છે.

ગુજરાત મેગેઝીનમાં ગુજરાતની વિકાસ યોજનાઓ તેમજ મુખ્યમંત્રી અને મંત્રીમંડળના સભ્યોના જાહેર કાર્યક્રમોનું કવરેજ કરવામાં આવતું હોય છે. પંચની નજર આ મેગેઝીન ઉપર ગઈ છે અને તેની તમામ કોપી બંધ કરાવી છે. એટલે કે હવે ગુજરાત મેગેઝીન ત્રણ મહિના માટે પ્રસિદ્ધ થશે કે કેમ તેની શંકા છે.

એવું કહેવામાં આવે છે કે ચૂંટણી પંચે આ મેગેઝીનની એક લાખ કરતાં વધારે કોપી જપ્ત કરી લીધી છે અને તમામ જિલ્લાઓમાં જપ્ત કરવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે.

અગાઉની ચૂંટણીમાં પંચ આટલું સક્રિય ક્યારેય બન્યું નથી. છેલ્લી ૨૦૦૯ની લોકસભાની ચૂંટણીમાં નવરાત્રીમાં મુખ્યમંત્રી કે મંત્રીમંડળના સભ્યો મંચ ઉપર જતા ન હતા પરંતું નવરાત્રી દરમ્યાન માતાજીની આરતી ઉતારી શકતા હતા પરંતું આ વખતે ૨૦૧૨માં ધાર્મિક ઉત્સવમાં માતાજીની આરતી પણ ઉતારી શકશે નહીં.

**ચૂંટણી પંચનો વધુ એક સપાટો**




(તસવીર : દિપક જાની)

ગાંધીનગરની સૌપ્રથમ યુનિવર્સિટી કડી સર્વ વિશ્વવિદ્યાલયના ચોથા યુવક મહોત્સવ સંગત - ૨૦૧૨નો રંગારંગ પ્રારંભ ગાંધીનગર ખાતે કરવામાં આવ્યો હતો. ૩૦ વિદ્યાર્થીઓની બનેલી એક એવી ૨૯ ટીમોએ યુથ ફેસ્ટીવલના પ્રારંભે આયોજિત રેલીમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો અને 'યુથોવેશન' થીમને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. અનોખી રીતે સજાવેલા ટૅબ્લોઝ, આકર્ષક વેશભૂષા અને ઢોલના અવાજ, સૂત્રો સાથે નીકળેલી અડધા કિમી લાંબી આ રેલીએ રસ્તા પર ખાસ્સું આકર્ષણ જમાવ્યું હતું. એલડીઆરપી કેમ્પસથી આરંભ પામેલી આ રેલી સૅક્ટર-૨૩ કેમ્પસ સુધી પહોંચી હતી. (તસવીર : દિપક જાની)

# જિલ્લામાં બે બેઠકો ખર્ચના મુદ્દે અતિ સંવેદનશીલ

## રાજ્યમાં ૬૧ બેઠકો આર્થિક રીતે સંવેદનશીલ તરીકે તારવી છે : ઉમેદવારોએ રોજમેળ, કેશ રજીસ્ટર, બેંક રજીસ્ટર એમ ત્રણ ભાગમાં હિસાબ રાખવો પડશે

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર જિલ્લામાં બે વિધાનસભા મતવિસ્તારો ચૂંટણી ખર્ચના મુદ્દે અતિસંવેદનશીલ હોવાનું મનાઈ રહ્યું છે. આને લઈ તંત્ર એ આ બંને વિધાનસભા મતવિસ્તારો પર તેમનું ધ્યાન વધુ કેન્દ્રીત કર્યું છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પંચે આ વખતે ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ લાદવા માટે વિશેષ ધ્યાન કેન્દ્રીત કર્યું છે. આ માટે તેણે જુદા જુદા પગલાંઓ પણ ભર્યા છે. ૨.૫૦ લાખથી વધુની રોકડ રકમ નહિ લઈ જવા પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

પંચે ઉમેદવારોને પણ રોજમેળ, કેશ રજીસ્ટર અને બેંક રજીસ્ટર એમ ત્રણ ભાગમાં પોતાનો હિસાબ દર્શાવવાનો રહેશે એટલું જ નહિ ઉમેદવાર રાષ્ટ્રીયકૃત બેંકમાં એકાઉન્ટ પણ અલગથી ખોલાવવાનું રહેશે.

પંચ દ્વારા ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ લાદવા માટે વિશેષ પગલાંઓ લેવામાં આવ્યા છે. આ ઉપરાંત પંચે ગુજરાત રાજયમાં આર્થિક રીતે સંવેદનશીલ કહી શકાય તેવી ૬૧ બેઠકો અલગ તારવી છે. આ બેઠકો પર તંત્ર દ્વારા પુરેપુરી બાજ નજર રાખવામાં આવશે.

આર્થિક રીતે સંવેદનશીલ ગણાતી બેઠકો પર ખાસ વોચ માટે ઈન્કમટેક્ષના પણ ચુનંદા અધિકારીઓને ફરજમાં સામેલ કરી દેવાયા છે. પ્રાપ્ત થતી વિગતો મુજબ આવી બેઠકો પર કડક મોનીટરીંગ થશે.

દરમિયાન આ બે બેઠકો પર થતા ખર્ચાઓ પર નજર રાખવા માટે ઈન્કમટેક્ષ વિભાગની ઈન્ટેલીજન્સ ટીમને પણ તાકીદ કરી દેવામાં આવી છે. ઈન્કમટેક્ષના ૧૦થી પણ વધુ અધિકારીઓ આ બેઠક પર બાજ નજર રાખશે તેવું જાણવા મળી રહેલ છે.

તંત્ર એ આ બંને વિધાનસભા મતવિસ્તારોમાં સ્ટેટીક સર્વેલન્સ, ફલાઈંગ સ્કવોડ અને અન્ય ટીમોને કાર્યરત કરી દીધી છે એટલું જ નહિ ચાંપતી નજર ઘટનાઓ અને પરિસ્થિતિ પર રાખવા માટેની સૂચનાઓ આપી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લામાં બે વિધાનસભા મતવિસ્તારો જે આર્થિક રીતે સંવેદનશીલ જણાયા છે ત્યાં તંત્રને વધુ ધ્યાન આપવા માટે તાકીદ કરી દેવામાં આવી છે એટલું જ નહિ પણ આ બંને વિસ્તારોના મોટા આર્થિક વ્યવહારો રાજયની ઉદ્યોગનગરી અમદાવાદ સાથે વધુ હોવાથી પુરેપુરી નજર રાખવા માટે પણ જણાવી દેવામાં આવ્યું છે તેમજ સ્ટેટીક સર્વેલન્સની ટીમો અહીં વધારવામાં આવશે એટલું જ નહિ વિડીયો સર્વેલન્સ પણ વધારવામાં આવનાર હોવાનું જાણવા મળેલ છે.





(તસવીર : દિપક જાની)

પરિવર્તન યાત્રાનો પ્રારંભ - ગાંધીનગરના પંચદેવ મંદિરના પ્રાંગણમાંથી પરિવર્તન યાત્રાનો ત્રીજો તબક્કો આરંભાયો. પૂર્વ મુખ્યમંત્રી અને ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ શ્રી કેશુભાઈ પટેલના નેતૃત્ત્વમાં ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પ્રચાર માટે ગુરૂવારે સવારે પંચદેવ મંદિરે આરતી-પૂજન કરી યાત્રા આરંભાઈ હતી. યાત્રાના પ્રારંભે કેશુબાપાએ પત્રકારો સાથે નાનકડી વાતચીત પણ કરી હતી. કાફલો ગાંધીનગરથી કલોલ થઈ મહેસાણા જવા રવાના થયો હતો.

# વ્યક્તિલક્ષી સરકારમાં કલ્યાણની ભાવના વિસરાઈ છે : કેશુબાપા

## ગાંધીનગરથી ઉત્તર ગુજરાતમાં પરિવર્તન યાત્રાનો પંચદેવ મંદિરેથી પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલે આજે મોદી સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે વ્યક્તિલક્ષી બનેલી સરકારમાં કલ્યાણ રાજ્યની ભાવના વિસરાઈ ગઈ છે. આ સરકાર નિષ્ઠુર સરકાર બની ગઈ છે. સામાન્ય માનવી કેન્દ્ર સ્થાને રહ્યો નથી.

ગાંધીનગરથી ઉત્તર ગુજરાતની યાત્રાનો પ્રારંભ કરતાં પૂર્વે તેમણે પંચદેવ મહાદેવ તેમજ સે. ૧૨ સ્થિત ઉમીયા માતાના મંદિરે દર્શન અને પૂજા-અર્ચના કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે આગામી ૧૬મીના રોજ તેમના પક્ષની માન્યતા અને નિશાન માટે ચૂંટણીપંચ સમક્ષ તેઓ જવાના છે. આ માટે જરૂરી તમામ કામગીરી પૂર્ણ થઈ ગઈ છે અને શક્ય હશે તો આજ દિવસે પક્ષને તેનુ ચિહ્ન મળી જશે તેવો તેમણે વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

પૂર્વ મુખ્યમંત્રીશ્રી કેશુભાઈ પટેલની આ યાત્રા પંચદેવ મંદિરથી પ્રારંભ થઈ ત્યારે કાર્યકરોએ સૂત્રોચ્ચારથી વાતાવરણને ગજવી દીધુ હતુ. યાત્રા દરમ્યાન સરઢવ ખાતે પક્ષના કાર્યાલયનો પણ પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ યાત્રામાં તેમની સાથે કિસાન અગ્રણી શ્રી લાલજીભાઈ અને પ્રદેશ અગ્રણી શ્રી ગોરધનભાઈ ઝડફિયા, પૂર્વમંત્રી શ્રી અરવિંદભાઈ પટેલ સહિતના આગેવાનો જોડાયા હતા.

## ભાજપની જાહેરાત સિનેમાગૃહમાં દર્શાવાતી હોવાની ફરિયાદને પગલે તંત્ર દોડતું થયું...

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરના એક મલ્ટીપ્લેક્ષ સિનેમાગૃહમાં ભારતીય જનતા પક્ષ દ્વારા જાહેરાતો દર્શાવાતી હોવાની ફરિયાદ આજે જિલ્લાતંત્રને મળી હતી.

સિનેમાગૃહોમાં દર્શાવાતી જાહેરાતો દર્શાવતા પહેલાં મિડિયા સર્ટીફિકેશન કમિટી પાસેથી મંજૂર કરાવવાની હોય છે. આથી આ ફરિયાદ મળતાં જ તંત્રના અધિકારીઓ સિનેમાગૃહ ખાતે દોડી ગયા હતા અને ઈન્ટરવલ દરમ્યાન પ્રેક્ષકોને દર્શાવવામાં આવતી જાહેરાતો અંગે ચકાસણી કરી હતી પરંતુ મળેલી ફરિયાદમાં તથ્ય નહિ જણાતાં તંત્રના અધિકારીઓએ રાહતનો દમ લીધો હતો.

ગાંધીનગર જિલ્લામાં આચારસંહિતાના અસરકારક અમલીકરણ માટે પાંચ જેટલી ટીમો ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રીને નોડલ અધિકારી તરીકે મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત દરેક સેક્ટર ઓફિસર્સને પણ તેમની મુલાકાતો દરમ્યાન આચારસંહિતાનો ભંગ થતો જણાય તો તાકીદે તે અંગે ધ્યાન દોરવા માટે જણાવવામાં આવ્યું છે.

## ગાડીની ચાવી ખોવાયેલ છે

ચ-૫ વિસ્તારમાં મારૂતિ સ્વીફ્ટ ગાડીની ચાવી ખોવાયેલ છે. કોઈને પણ મળે તો નીચેના ફોન નંબર પર સંપર્ક કરવા વિનંતી. યોગ્ય બદલો આપીશું

**સંપર્ક : આર. કે. પટેલ**
**મો. ૯૮૨૫૫ ૭૪૯૪૬**


ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧















## ઘ-૫ ખાતે ભવ્ય પ્રદર્શન

**ARAVALLI Art & Craft Festival-2012**

ભારતના વિવિધ પ્રાંતોના કુશળ કારીગરો દ્વારા બનાવેલી આકર્ષક હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન

30-9-12 to 16-10-12

**ભવ્ય પ્રદર્શન**

TIME : 11 A.M. to 10 P.M.

હેન્ડીક્રાફ્ટ ● ટેક્સટાઈલ ● હેન્ડમેડ પ્રોડક્ટસ ● ટેરાકોટા ● જ્વેલરી

રાજસ્થાની કાષ્ઠ શિલ્પ, પેન્ટીંગ, ગુજરાતી એમ્બ્રોયટરી, બેટ શીટ્સ, પડદા, કાશ્મીરી હસ્તકલા અને કપડા, કલકત્તાની સાડી, જ્વેલરી, કલકત્તાનું ટેરાકોટા તથા કાપા કોટન ટોપ્સ....

એન્ટ્રી પાર્કીંગ ફ્રી

ઘ-૫ સર્કલ, ઓપન એર થિયેટર, સે.૧૬ ગાંધીનગર.